**આંક–૧ તળે હુકમ**

(૧) ફરીયાદ હકીકત વંચાણે લીધી તેમજ ફરીયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા. તેમજ ફરીયાદીનું આંક–૫ થી રજુ થયેલ સોગંદનામું ધ્યાને લીધું. તથા ફરીયાદીના વિ.વકીલશ્રીની રજુઆત સાભંળી.

(૨) આ કામે ફરીયાદપક્ષે તેમના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, ફરીયાદી બિલ્ડીંગ કોન્ટ્રાકટર હોઈ અને આરોપીને લેબરકામથી અવાર નવાર કામ આપતા હોઈ તેથી ઓળખે છે. અને ધંધાના કામે વધારાની રકમ ઉપાડ પેટે આપતા હતા અને હીસાબ મુજબ આરોપી પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/– રકમ લેણી નીકળતી હતી અને તે રકમ ના બદલામાં આરોપીએ ચેક લખી આપેલો હતો. જે ચેક રીર્ટન થતા હાલની ફરીયાદ કરવાની જરુરત પડેલ છે. તેઓએ આરોપી વિરુધ્ધ સમન્સ કરવા અરજ કરેલ છે.

(૩) આમ, કેસની હકીકત તથા ફરીયાદપક્ષની રજુઆત તથા ફરીયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આરોપીએ વૈષ્ણવી કન્શ્ટ્રકશનના પ્રોપરાઈટર તરીકે આ કામના ફરીયાદીને નીધી એસોશીયેટ વતી રૂા.૧,૦૦,૦૦૦/– નો તા.૧૭/૦૮/૨૦૨૨ નો ચેક નં.૦૦૦૦૧૭ નો તેમની સહી કરીને લખી આપેલા હોવાની હકીકત પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. આ ચેક નીધી એસોશીયેટ ના નામજોગનો છે અને ફરીયાદી તેના કર્તા છે. અને આ ચેક વગર વસુલાતે ફંડ ઈન્સફીસીયન્ટ ના શેરા સાથે તા.૨૪/૮/૨૦૨૨ ના રોજ રીટર્ન થયેલ છે અને આરોપીને તે અંગેની જાણ કરતી નોટીસ આપેલ હોવાનું પણ જણાઈ આવે છે. અને આરોપીએ ફરીયાદીને ચેકો મુજબની રકમ ચુકવી ન આપતા તેઓએ આરોપી સામે હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ ની જોગવાઈ મુજબ દાખલ કરેલ છે. આમ, ફરીયાદ હકીકત તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. જેથી કુદરતી ન્યાય સિધ્ધાંતો ધ્યાને લેતા ન્યાના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: હુકમ :::**

(૧) ફરીયાદીની સદરહું ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબનો સમન્સ, ફરીયાદની નકલ રજુ થયેથી મુ.તા. ૧૮ /૦૪ /૨૦૨૩ ના રોજ કે તે પહેલા બજી આવે તે રીતનો કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહું ક્રિમીનલ ઈન્કવાયરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૧ મી, માહે– માર્ચ, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું.વિરમગામ.
તા. ૨૧/૦૩/૨૦૨૩

(દિનેશકુમાર મોતીલાલ સિંઘલ)
અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિરમગામ.
Judge Code : GJ 01303